કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ
કરવા અંગે.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:-કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૪/૦૫/૨૦૧૬

<u>વંચાણે લીધા :</u>

સામાન્ય વહીવટ વિભાગનાં તા:-૬.૦૮.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક

<u>-:: સુધારા ઠરાવ:::-</u>

સામાન્ય વહીવટ વિભાગનાં ઉક્ત વંચાણે લીધેલાં ઠરાવથી "જે કર્મચારી/અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઈઓ/શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે.પરંતુ આવા કર્મચારી/અધિકારીઓને તેઓ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરે તે પછી જ બઢતી આપવની રહેશે.આ અંગે જે તે વિભાગ/કચેરીએ સંબંધિત કર્મચારી/અધિકારીને ખરેખર બઢતી આપવામાં આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોવાની ચકાસણી કરવાની રહેશે" તેવુ ઠરાવવામાં આવેલ છે.

આ અંગે ઉક્ત ઠરાવની ત્રીજી લીટીમાં "પરંતુ આવા કર્મચારી/અધિકારીઓને તેઓ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરે તે પછી જ બઢતી આપવાની રહેશે", તે મુજબની જોગવાઈ છે.તેને બદલે નીચે પ્રમાણેની જોગવાઈ રાખવામાં આવે છે.

"પરંતુ આવા કર્મચારી/અધિકારીઓએ પસંદગી યાદીના છેલ્લા ક્રમ પરના ઉમેદવાર ને બઢતી આપવામાં આવે અથવા બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠકની તારીખથી એક વર્ષ, તે બેમાંથી જે મોડુ હોય ત્યાં સુધીમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હશે તો જ તેઓને બઢતી આપવાની રહેશે".

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(દેવી પંડ્યા)
સંયુક્ત સચિવશ્રી(મ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી,રાજભવન ગાંધીનગર.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.

વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર .

એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો(વધારાની નકલો સાથે)તેમના તાબાના ખાતાના વડા તથા
કચેરીઓના વડાને યોગ્ય સુચનાઓ આપવાની વિનંતી સાથે.

કમિશ્નરશ્રી,માહિતી ખાતું,ગાંધીનગર,યોગ્ય જાહેરાત કરવાની વ્યવસ્થા કરાવાની વિનંતી સાથે.

સામાન્ય વહીવટ વિભાગનાં તમામ અધિકારીશ્રીઓ/શાખાઓ.

પસંદગી ફાઈલ.

- પત્ર દ્વારા.